# IN THE CITY CIVIL COURT AT AHMEDABAD

## SUMMARY SUIT NO.1912/2013

## આંક–૯ તથા આંક–૧૧ લગત સંયુકત હુકમ

૧. વાદીએ પ્રસ્તુત દાવો લાવી પ્રતિવાદી પાસેથી રૂા.૧૦,૪૭,૦૧૮/– ચાવીસ ટકાના વ્યાજે વસુલ અપાવવા દાદ માંગેલ છે. પ્રતિવાદીને સમન્સ ફોર એપીરીયન્સ બજતા તેઓ વકીલ સાથે હાજર થઈ એપીરીયન્સ પુરસીસ ફાઈલ કરેલ છે. ત્યારબાદ વાદીએ આંક–૯ થી સમન્સ ફોર જજમેન્ટ એફીડેવીટ ફાઈલ કરેલ છે. જેમા મુખ્યત્વે તેઓ જણાવે છે કે વાદી તે પ્રોફેશનલ પ્રોપરાઈટરશીપ ફર્મ છે અને વાદી સિવિલ એન્જીનીયરીંગને લગતો કન્સલ્ટીંગની સેવા આપે છે. પ્રતિવાદી નં.૧ જીએસપી ક્રોપ સાયન્સ પ્રા.લી. તે પ્રાઈવેટ લીમીટેડ કંપની છે અને પ્રતિવાદી નં.૨ કનોલ વ્રજમોહન શાહ તે પ્રતિવાદી નં.૧ કંપનીના એકટીવ ડાયરેકટર છે. વાદી અને પ્રતિવાદી વચ્ચે ગાઢ ધંધાકીય સંબંધ ઘણા લાંબા સમયથી ચાલ્યો આવે છે અને વાદી છેલ્લા ત્રીસ વર્ષથી પ્રતિવાદીના ફર્મ માટે સેવા આપતા આવેલ છે. વધુમાં વાદી જણાવે છે કે પ્રતિવાદીને જીઆઈડીસી નંદેસરી ખાતે પ્લોટ નં.૧ માં યુનિટ નં.૩ માટે ડ્રોઈંગ અને ડીટેઈલ્સ તૈયાર કરાવવાનું હોય તે માટે વાદીએ સેવા આપેલી છે અને આમ પ્રતિવાદીએ વાદીને કન્સલ્ટીંગ સિવિલ એન્જીનીયર તરીકે નિમેલા અને રૂા.૧૦,૦૦,૦૦૦/– માં ડ્રોઈંગ અને ડીટેલ તૈયાર કરવાનું કામ સોંપેલુ. વધુમાં વાદી પ્રતિવાદી વચ્ચે એવી સ્પષ્ટ સમજુતી થયેલી કે આ ડ્રોઈંગ અને ડીટેલમાં કોઈ રીવીઝન કે ચેન્જ કરવામાં આવશે નહીં અને જો કરવામાં આવશે તો તેનો અલગ ચાર્જ ચુકવવાનો રહેશે. વધુમાં વાદી જણાવે છે કે તેઓએ આ તકરાર પ્રમાણે પ્રતિવાદી માટે ડ્રોઈંગ અને ડીટેલ તૈયાર કરેલા અને પ્રતિવાદીના બીજા કન્સલટન્સીની સુચના મુજબનો અને જરુરિયાત મુજબનું ડ્રોઈંગ અને ડીટેલ તૈયાર કરેલા વિગેરે હકીકત જણાવી અને પ્રતિવાદી પાસેથી લેણી

લેવાની નિકળતી રકમની વિગત જણાવી તા.૧૦.૭.૨૦૧૩ નાં રોજ વાદીને પ્રતિવાદી પાસેથી કુલ રૂા.૧૦,૪૭,૦૧૮/- વસુલ લેવાના નિકળે છે તે અંગે ડીક્રી કરી આપવા રજુઆત કરેલ છે.

૨. પ્રતિવાદીએ આંક-૧૧ થી લીવ ટુ ડીફેન્ડની અરજી આપી વાદીની સમન્સ ફોર જજમેન્ટની અરજીની હકીકતનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં તેઓ જણાવે છે કે ખરી હકીકતે વાદી ઘણા વર્ષોથી પ્રતિવાદીને ત્યાં જુદી જુદી સાઈડ ઉપર કામ કરતા હતા અને વાદી પ્રતિવાદી કંપનીમાં એક સભ્ય તરીકે બાંધકામનિ વિગત મેળવી જે તે કોન્ટ્રાકટર પાસેથી બાંધકામની ડીઝાઈનો, માહિતી તથા બીલની રકમની વિગત મેળવી જાણે પોતે પ્રોફેશનલ સર્વિસ આપે છે તેમ ગણી ખોટા બીલ બનાવવાની વૃત્તિ ધરાવતા થઈ ગયેલા અને વાદીએ પોતાની સમન્સ ફોર જજમેન્ટની અરજીમાં જે બાંધકામના માપ દર્શાવેલ છે તે બાંધકામ કોન્ટ્રાકટરે કરેલા બાંધકામનું માપ છે અને તે બાંધકામમાં વાદીનુ કોઈ જ યોગદાન નથી. વધુમાં તેઓ જણાવે છે કે વાદીને રૂા.૧,૨૬,૯૦૦/- ના બીલ ચુકવ્યા પછી પ્રતિવાદી કંપનીના ધ્યાન ઉપર આવેલુ કે વાદી શરુઆતમાં વિશ્વાસ સંપાદન કરી પાછળથી કંપની સાથે વિશ્વાસઘાત કરી ખોટા બીલ બનાવી ખોટા પૈસા પડાવવાની દાનત ધરાવે છે જેથી તા.૩૧.૧૦.૨૦૧૦ થી વાદીને કામ આપવાનું બંધ કરેલ છે. વધુમાં વાદીએ કેટલીક રકમો ઓટા અને ગેરકાયેદસર બીલ બનાવી પ્રતિવાદી પાસેથી મેળવેલી છે તેની વિગત એકઠી કરી પ્રતિવાદી વાદી વિરુધ્ધ કાઉન્ટર કલેમ કરવાનો છે. વધુમાં તેઓ જણાવે છે કે વાદીનું તા.૩૦.૪.૨૦૦૯ નું રૂા.૨,૯૦,૦૦૦/- નુ બીલ ટીડીએસ કાપીને પુરેપુરી તા.૧૩.૧૦.૨૦૦૯ ના રોજ ચુકવી આપવામાં આવેલ તથા વાદી દાવા અરજી સાથે રજુ કરેલુ રૂા.૫,૨૯,૦૦૦/- નુ બીલ જે મુળ રૂા.૨,૯૦,૦૦૦/- નુ હતુ તે બીલ પ્રતિવાદીને મળેલ નથી જેથી આવી રકમ ચુકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વધુમાં

તા.૯.૬.૨૦૧૦ ના રૂા.૧,૪૭,૦૦૦/– નુ બીલ વાદીએ મોકલેલુ જે બીલ વધારે પડતુ હોય વાદીની સંમતીથી આ બીલની રકમ રૂા.૧,૨૫,૦૦૦/– ચુકવવાનુ નકકી થયેલુ તે રકમ તથા આગળના બાકી નિકળતા રૂા.૧,૯૦૦/– મળી કુલ રૂા.૧,૨૬,૯૦૦/– તા.૩૧.૧૦.૨૦૧૦ નાં રોજ પ્રતિવાદીએ વાદીને ચુકવી આપેલ છે તેમ છતાં તે જ બીલ અંગે વાદીએ બદઈરાદાપૂર્વક આ દાવામાં ખોટી માંગણી કરેલી છે. આમ વાદીને કોઈ જ બીલ ચુકવવાની બાકી નિકળતી નથી. વાદીએ ખોટા બીલો બનાવી ખોટી રીતે રકમ મેળવેલી છે અને મેળવવા માંગે છે. વધુમાં વાદીએ રજુ કરેલા ઈમેલની પ્રિન્ટ એ કોમ્પ્યુટરની કરામત છે તેમજ વાદીએ એનેક્ષર–૨૭ થી રજુ કરેલ ડોકયુમેન્ટમાના સહી સીકકા પ્રતિવાદી કંપનીના નથી અને તે વાદીએ ખોટા બનાવેલા છે અને ખોટી રીતે ઉભા કરેલા છે વિગેરે તકરારો લઈ અરજી રદ કરવા રજુઆત કરેલ છે. વધુમાં એવી પણ રજુઆત કરેલ છે કે વાદીનો દાવો સિવિલ પ્રોસીજર કોડ ઓર્ડર–૩૭ મુજબ સમરી દાવા તરીકે ચાલવા પાત્ર નથી. વાદી અને પ્રતિવાદી વચ્ચેના ટ્રાન્જેકશન કોમર્શીયલ ટ્રાન્જેકશન ગણી શકાય નહીં. વાદીએ કોઈ પણ જાતના કરાર વગર ખોટા બીલ બનાવી પોતાના બીલમાં વ્યાજનો દર ચોવીસ ટકા કે ચોત્રીસ ટકા મનફાવે તેમ દર્શાવેલ છે અને બીલ મોકલી આપેલ છે તે દર પ્રમાણે વ્યાજ ચુકવવાના પ્રતિવાદી જવાબદાર નથી કે વાદી આવુ વ્યાજ મેળવવા હકકદાર નથી વિગેરે રજુઆત કરી બીનશરતી બચાવ મંજુર કરવા રજુઆત કરેલ છે.

૩. વાદી તરફે વિધ્વાન વકીલશ્રી આચાર્યને સાંભળ્યા. પ્રતિવાદી તરફે વિધ્વાન વકીલશ્રી પંડયાને સાંભળ્યા. બન્ને પોતા પોતાની દલીલમાં મુખ્યત્વે અનુક્રમે સમન્સ ફોર જજમેન્ટમાં જણાવેલી હકીકત તથા લીવ ટુ ડીફેન્ડમાં લીધેલી તકરારને દલીલ સ્વરુપે દોહરાવેલ છે.

૪. બન્ને તરફેની દલીલ ધ્યાનમાં લીધી. વાદીની દાવા અરજી તથા સમન્સ

ફોર જજમેન્ટની અરજીની વિગત ધ્યાનમાં લઈએ તો તે એટલી અસ્પષ્ટ છે અને વાદી પ્રતિવાદી પાસેથી રૂા.૧૦,૪૭,૦૧૮/– વસુલ મેળવવા કઈ રીતે હકકદાર બને છે તે ખુદ વાદીને દાવા અરજી કે સમન્સ ફોર જજમેન્ટની એફીડેવીટની વિગતો જોતા પણ યોગ્ય રીતે સ્પષ્ટ થતા નથી. આમ વાદીની દાવા અરજીમાં દર્શાવેલી હકીકત જ અદાલતને એ તરફ અનુમાન દોરવા પ્રેરણા આપે છે કે વાદીનો કેસ પુરાવો નોંધ્યા સિવાય નિર્ણીત થઈ શકે તે પ્રકારનો નથી. વધુમાં વાદીના ચોકકસ બીલની સામે પ્રતિવાદીએ તેઓને ચોકકસ કેટલી રકમ જમા આપેલી છે તે હકીકત વાદીની સમન્સ ફોર જજમેન્ટની એફીડેવીટમાંથી કે દાવા અરજીમાંથી ફલિત થતુ નથી સાથે સાથે વાદીએ આંક–૪ ના લીસ્ટથી જે દસ્તાવેજી પુરાવા અને તેમા પણ ખાસ કરીને જે બીલ રજુ કરેલા છે તે બીલની રકમ દાવા અરજીની દાદમાં માંગેલ રકમ સાથે મેચ થતી જણાતી નથી. વધુમાં પ્રતિવાદીએ વાદી વિરુધ્ધ ખોટા અને બનાવટી બીલ બનાવવાનો આક્ષેપ કર્યો છે ત્યારે તે હકીકત પણ ટ્રાયેબલ ઈશ્યુ છે અને જેમા પુરાવો નોંધવો અનિવાર્ય અને આવશ્યક જણાય છે. વધુમાં વાદીએ પોતાની દાવા અરજીમાં પ્રતિવાદી સાથે થયેલા પત્રાચાર અને ઈમેલ અંગેની જે વિગત જણાવેલી છે તે તમામ વિગત યોગ્ય પુરાવો લીધા બાદ જ સાબિત થઈ શકે તે પ્રકારની છે. વધુમાં વાદીએ રજુ કરેલા દસ્તાવેજો પૈકી નિ.૪/૩૩ થી પ્રતિવાદીએ વાદીને લખેલ પત્રની વિગત ધ્યાનમાં લેતા થથા નિ.૪/૩૫ થી પ્રતિવાદીએ વાદીને લખેલ પત્રની વિગત ધ્યાનમાં લેતા પ્રતિવાદી ધ્વારા વાદીના કેટલાક બીલો ચુકવાય ગયેલ હોવા છતાં પણ તે બીલ અંગેની રકમ વાદી ધ્વારા આ દાવામાં માંગણી કરવામાં આવેલ હોવાનુ ફલિત થતુ જણાય છે. આમ ઉપરોકત ચર્ચા અને સંજોગો ધ્યાનમાં લેતા આ દાવામાં ટ્રાયેબલ ઈશ્યુ સમાયેલા હોય અને જે પુરાવો નોંધ્યા સિવાય નિર્ણીત થઈ શકે તેમ ન હોય વાદીની સમન્સ ફોર જજમેન્ટ મંજુર કરવા પાત્ર જણાતી નથી અને પ્રતિવાદીને બીનશરતી બચાવની તક

આપવી જોઈએ તેવુ અત્રેની અદાલતનું સ્પષ્ટપણે માનવુ છે જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

## હુકમ

વાદીની આંક–૯ ની અરજી નામંજુર કરવામાં આવે છે અને પ્રતિવાદીની આંક–૧૪ ની લીવ ટુ ડીફેન્ડની અરજી મંજુર કરવામાં આવે છે અને પ્રતિવાદીને બિનશરતી બચાવ કરવાની પરનાવગી આપવામાં આવે છે. પ્રતિવાદીએ હુકમ તારીખથી દિન–૩૦ માં પોતાનું પક્ષ નિવેદન રજુ કરવુ. સમરી સ્યુટ નં.૧૯૧૨/૨૦૧૩ ને લોંગકોઝ સ્યુટ તરીકે આગળ ચલાવવાનો આદેશ કરવામાં આવે છે જે અંગે ડીપાર્ટમેન્ટે જરુરી કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે હુકમ નથી.

હુકમ આજ તા.૨૪ માહે માર્ચ સને ૨૦૧૭ ના રોજ ખુલ્લી અદાલતમાં લખાવી જાહેર કર્યો.

(સંજયકુમાર લવજીભાઈ ઠકકર)
જજ,
સિટી સિવિલ કોર્ટ નં.૨૬,
અમદાવાદ શહેર
(કોડ નં.જીજે૦૦૫૮૮)

P.P.SAKHARELIYA